**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન આયોગના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે સંયુક્ત ટેલિફોન કૉલ કર્યો (04 સપ્ટેમ્બર, 2025)**

**04 સપ્ટેમ્બર, 2025**

આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ મહામહિમ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન આયોગના પ્રમુખ મહામહિમ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે સંયુક્ત ટેલિફોન કૉલ કર્યો હતો.

2. વિશ્વની સૌથી મોટી લોકશાહી શક્તિઓ તરીકે, ભારત અને યુરોપીય સંઘ વિશ્વાસ, સહિયારા મૂલ્યો અને ભવિષ્ય માટે એક સામાન્ય દ્રષ્ટિકોણ પર બનેલા મજબૂત અને ગાઢ સંબંધો ધરાવે છે. નેતાઓએ વૈશ્વિક મુદ્દાઓને સંયુક્ત રીતે સંબોધવામાં, સ્થિરતાને પ્રોત્સાહન આપવામાં અને પરસ્પર સમૃદ્ધિ માટે નિયમો-આધારિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં ભારત-યુરોપીય સંઘની વ્યૂહાત્મક ભાગીદારીની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

3. નેતાઓએ વેપાર, ટેક્નોલોજી, રોકાણ, નવીનતા, ટકાઉપણું, સંરક્ષણ, સુરક્ષા અને પુરવઠા શૃંખલાની સ્થિતિસ્થાપકતા જેવા મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિનું પણ સ્વાગત કર્યું, અને ભારત-યુરોપીય સંઘ FTA વાટાઘાટોના વહેલા સમાપન અને IMEEC કોરિડોરના અમલીકરણ માટે સહિયારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

4. ફેબ્રુઆરીમાં EU કોલેજ ઓફ કમિશનર્સની ભારતની ઐતિહાસિક મુલાકાતના આધારે, નેતાઓએ પરસ્પર સુવિધા મુજબ વહેલી તકે ભારતમાં આગામી ભારત યુરોપીય સંઘના શિખર સંમેલનનું આયોજન કરવા અંગે ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ બંને નેતાઓને આ માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

5. નેતાઓએ યુક્રેનમાં સંઘર્ષનો અંત લાવવાના પ્રયાસો સહિત પારસ્પરિક હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન પણ કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન અને શાંતિ તેમજ સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપના માટે ભારતના સતત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

6. બંને નેતાઓ એકબીજાના સંપર્કમાં રહેવા સંમત થયા.

**નવી દિલ્લી**

**04 સપ્ટેમ્બર, 2025**